**Enrollment No: ______________________ Exam Seat No: ______________________**

# C. U. SHAH UNIVERSITY

## Winter Examination-2022

**Subject Name: Accounting and Finance - III**

**Subject Code: 4CO03AFI2** **Branch: B.Com (Gujarati)**

**Semester: 3** **Date: 29/11/2022** **Time: 11:00 To 02:00** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q. 1** **Attempt the following questions:** **(14)**

**a)** જ્યારે કંપનીનો નફો સતત વધતો જતો હોત ત્યારે પાઘડીના મૂલ્યાંકન માટે ક્યો નફો ધ્યાનમાં લેવામાં આવે છે? 1

(a) સાદો સરેરાશ નફો (b) મૂડી નફો

(c) મહેસૂલી નફો (d) ભારિત સરેરાશ નફો

**b)** અધિક નફાની 3 વર્ષની ખરીદીના આધારે નીચેની માહિતી પરથી પાઘડી શોધો. 1
સરેરાશ નફો – રૂ. 60,000 અને અપેક્ષિત નફો – રૂ. 48,000.

(a) 48,000 (b) 63,000

(c) 72,000 (d) 36,000

**c)** પાઘડીના મૂલ્યાંકન માટે રોકાયેલી મૂડીની ગણતરી કરતી વખતે નીચેનામાંથી કઇ વિગત ધ્યાનમાં લેવામાં આવે છે? 1

(a) કારીગર અકસ્માત વળતર ફંડ (b)કારીગર નફાભાગ ભંડોળ

(c)પ્રાથમિક ખર્ચ (d)એક પણ નહિં

**d)** નીચેના પૈકી કઇ કંપનીના શેરના બજાર ભાવ બોલતા નથી? 1

(a) પરદેશી કંપની(b)જાહેર ક્ષેત્રની કંપની

(c)શાસક કંપની (d)ખાનગી કંપની

**e)** એક કંપનીના ઇક્વિટી શેરની આંતરીક કિંમત રૂ. 118 અને બજાર કિંમત રૂ. 120 હોય તો, ઇક્વિટી શેરની વાજબી કિંમત ........ થાય. 1

(a)રૂ. 119(b)રૂ. 109

(c)રૂ. 122.50 (d)રૂ. 112.50

**f)** ચોખ્ખી મિલકતો ગણતાં મિલકતોની ...... જ ધ્યાનમાં લેવી જોઇએ. 1

(a)ચોપડે કિંમત (b)ઉપજી શકે તેવી કિંમત

(c)મૂળ કિંમત(d)પડતર કિંમત

**g)** નીચેના પૈકી કયો ખર્ચ વાહનવ્યવહાર ઉદ્યોગ માટે સ્થિર ખર્ચ ગણાય છે? 1

(a)પેટ્રોલ(b)લાઈસન્સ ફી

(c)એન્જિન ઓઈલ (d)ઘસારો

**h)** બસ માટેનું પડતર એકમ - 1

(a)પેસેન્જર કિ. મી. દીઠ (b)ટન કી.મી. દીઠ

(c)પેસેન્જર દીઠ (d)કિ. મી. દીઠ

**i)** સેવા પડતર માટે કયો ખર્ચ ચલિત ખર્ચ નથી? 1

(a)ઘસારો (b)ડીઝલ

(c)મરામત અને નિભાવ (d)વીમાનું પ્રીમિયમ

**j)** નોંધણી પહેલાંનો નફો ....... ખાતે લઈ જવામાં આવે છે? 1

(a)સામાન્ય અનામત (b)મૂડી અનામત

(c)પાઘડી(d)અનામત ભંડોળ

**k)** ઘસારો કયા આધારે ફાળવવામાં આવે છે? 1

(a)સમયના પ્રમાણમાં (b)વેચાણના પ્રમાણમાં

(c)નોંધણી પહેલાં (d)નોંધણી પછી

**l)** શેર ટ્રાન્સફર ફી ..... આધારે ફાળવવામાં આવે છે? 1

(a)સમયના પ્રમાણમાં (b)વેચાણના પ્રમાણમાં

(c)નોંધણી પહેલાં (d)નોંધણી પછી

**m)** કાર્યશીલ મૂડીની જરૂરીયાત શા માટે? 1

(a) અનામત ભંડોળ જાળવી રાખવા (b) કાયમી મિલકતોની ખરીદી કરવા

(c) લાંબા ગાળાના ખર્ચને પહોંચી વળવા (d) રોજબરોજના ખર્ચને પહોંચી વળવા

**n)** કાર્યશીલ મૂડીનું મહત્ત્વ ... 1

(a) પ્રતિષ્ઠા વધે(b) કાર્યક્ષમતા

(c) કરકસરભારી ખરીદી(d) ઉપરનાં બધા

**Attempt any four questions from Q - 2 to Q - 8**

**Q. 2** **Attempt all questions**

**(a)** પાઘડીના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો. 07

**(b)** શેરનામૂલ્યાંકનને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો. 07

**Q. 3** **Attempt all questions**

**(a)** કાર્યશીલ મૂડી એટલે શું? કાર્યશીલ મૂડીનું મહત્ત્વ સમજાવો . 07

**(b)** કાર્યશીલ મૂડીનું પ્રમાણ નક્કી કરતાં પરિબળો ચર્ચો . 07

**Q. 4** **Attempt all questions**

**(a)** સેવા પડતરના પત્રકનોકાલ્પનિક આંકડાઓ સાથે નમૂનો આપો. 07

**(b)** સેવા પડતર પધ્ધતિ ની વ્યાખ્યા આપો તેનો ઉપયોગ ક્યા ઉદ્યોગ .તેનાં લક્ષણો જણાવો . 07
થાય છે?

**Q. 5** **Attempt all questions**

**(a)** અંબા લિમિટેડનું તા. 31-03-2022ના રોજનું પાકું – સરવૈયું નીચે મુજબ હતું: 10

| મૂડી – દેવાં | રકમ રૂ. | મિલકત લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| ઇક્વિટી શેર મૂડી<br>સામાન્ય અનામત<br>લેણદારો<br>પ્રોવિડન્ટ ફંડ<br>ખર્ચા ચૂ. બાકી | 2,50,000<br>45,000<br>60,000<br>40,000<br>30,000 | પાઘડી<br>જમીન<br>મકાન<br>ધંધાકીય રોકાણો<br>સ્ટોક<br>દેવાદારો<br>લેણીહૂંડી<br>રોકડ | 30,000<br>1,20,000<br>1,00,000<br>40,000<br>60,000<br>30,000<br>20,000<br>25,000 |
| | **4,25,000** | | **4,25,000** |

**અન્ય માહિતી:**

1. મિલકતોની બજાર કિંમત નીચે પ્રમાણે આપેલ છે.

જમીન - રૂ. 1,30,000 સ્ટોક –રૂ. 50,000

મકાન - રૂ. 95,000 દેવાદારો – રૂ. 25,000

રોકાણો – રૂ. 30,000 લેણીહૂંડી – રૂ. 15,000

2. છેલ્લા ત્રણ વર્ષના અંતે કરવેરા બાદ કર્યા પછીનો નફો અને ઉપયોગમાં લેવાનો ભાર નીચે મુજબ છે:

| **વર્ષ** | **નફો રૂ.** | **ભાર** |
|---|---|---|
| 2020 | 39,000 | 1 |
| 2021 | 40,500 | 2 |
| 2022 | 40,000 | 3 |

3. અપેક્ષિત વળતરનો દર 10% છે.

છેલ્લાં ત્રણ વર્ષના અધિક નફાના આધારે પાઘડીની કિંમત નક્કી કરો.

**(b)** ગાંધી લિમિટેડની નીચે મુજબની માહિતી મળેલ છે. 04

1. કુલ મિલકતો રૂ. 73,10,000
2. કુલ દેવાં રૂ. 11,90,000
3. 15% પ્રેફરેન્સ શેર મૂડી રૂ. 6,80,000
4. સરેરાશ નફો રૂ. 10,20,000

5. અપેક્ષિત વળતરનો દર 15%

ઉપરની માહિતી પરથી અધિક નફાના ચાર વર્ષને આધારે પાઘડી ગણો.

**Q. 6**

વંશ લિમિટેડનું તા. 31-03-2022ના રોજનું પાકું - સરવૈયું નીચે પ્રમાણે છે: 14

| મૂડી – દેવાં | રકમ રૂ. | મિલકત લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| 9,000 ઈક્વિટી શેર દરેક રૂ. 100નો એક એવા | 9,00,000 | જમીન - મકાન | 7,50,000 |
| 10%ની પ્રેફ. શેર મૂડી | 3,00,000 | ફર્નિચર | 4,50,000 |
| સામાન્ય અનામત | 90,000 | રોકાણો | 90,000 |
| લેણદારો | 2,00,000 | દેવાદારો | 1,50,000 |
| દેવીહૂંડી | 40,000 | રોકડ-બેન્ક | 90,000 |
| | **15,30,000** | | **15,30,000** |

**અન્ય માહિતી:**

(1) મકાનની બજારકિંમત 30% ફર્નિચરની બજાર કિંમત 20% વધારે છે.

(2) રોકાણોની બજારકિંમત રૂ. 1,08,000 છે.

(3) દેવાદારો પર 10% ઘાલખાધ ગણવાની છે.

(4) રોકાયેલી મૂડી પર અપેક્ષિત વળતરનો દર 12% છે.

(5) પ્રેફરેસ શેર પર ડિવિડન્ડ વહેંચાયા પહેલાંનો સરેરાશ નફો રૂ. 2,22,000 છે.

(6) કંપનીની પાઘડીની કિંમત રૂ. 1,32,000 ગણવાની છે.

ઉપરની વિગતો પરથી ઈક્વિટી શેરની વાજબી કિંમત શોધો.

**Q. 7** **Attempt all questions**

**(a)** Shri Ram ટ્રાવેલ્સ કંપનીની 4 બસ સુરેન્દ્રનગર થી ચોટીલા વચ્ચે દોડે છે, જેનું અંતર 50 કિલોમીટર છે. 07

બસની બેઠક ક્ષમતા 40 મુસાફરોની છે. ક્ષમતાના 75% મુસાફરો લઈ જાય છે.

બસ એપ્રિલ 2022માં બધા દિવસ દોડે છે.

દરેક બસ રોજની એક રાઉન્ડ ટ્રીપ કરે છે.

બસ અંગેની એપ્રિલ 2022ની માહિતી નીચે મુજબ છે.

| વિગત | રૂ. |
|---|---|
| 4 ડ્રાઈવરનો પગાર | 12,000 |
| ઓફિસ સ્ટાફનો વાર્ષિક પગાર | 1,92,000 |
| ડીઝલ અને ઓઈલ | 18,000 |
| મરામત | 10,000 |
| વાર્ષિક રોડ ટેક્સ અને વીમો | 48,000 |
| વાર્ષિક ઘસારો | 96,000 |

વાર્ષિક વ્યાજ અને અન્ય ખર્ચા 48,000

ઉપરની વિગતો પરથી મુસાફર - કિલોમીટર દીઠ પડતર શોધો.

**(b)** પંડયા ટ્રાન્સપોર્ટ કંપની 5 ટનની શક્તિ ધરાવતી એક ટ્રક સંબંધી નીચેની માહિતી પૂરી પાડે છે. 07

| | |
|---|---|
| ટ્રકની પડતર | રૂ. 20,00,000 |
| અંદાજિત આયુષ્ય | 10 વર્ષ |
| ભંગાર કિંમત | રૂ. 2,00,000 |
| ડીઝલ ઓઈલ વગેરે | રૂ. 1,200 ટ્રીપ દીઠ દરેક બાજુએ |
| મરામત અને નિભાવ ખર્ચ | રૂ. 5,000 પ્રતિ માસ |
| ડ્રાઈવરનો પગાર | રૂ. 20,000 પ્રતિ માસ |
| ક્લિનરનો પગાર | રૂ. 8,000 પ્રતિ માસ |
| વીમો | રૂ. 1,00,000 વાર્ષિક |
| ટેક્સ | રૂ. 50,000 વાર્ષિક |
| પરચૂરણ ખર્ચા | રૂ. 18,000 વાર્ષિક |

આ ટ્રક એક શહેરથી બીજા શહેર વચ્ચે દરેક બાજુએ 150 કિ.મી. ના અંતરે માલસામાનનું વહન કરે છે. રોજની બે (2) રાઉન્ડ ટ્રિપ શક્ય બને છે. ટ્રક મહિનાના 26 દિવસ દોડે છે. જતા ફેરામાં પૂર્ણ ક્ષમતાનું નૂર મળે છે અને વળતા ફેરામાં 60% લેખે નૂર મળે છે.

ઉપરોક્ત માહિતી પરથી ટન કિલોમીટર દીઠ સેવા પડતરની ગણતરી કરો. સ

**Q. 8** **Attempt all questions**

**(a)** એક ભાગીદારી પેઢીનો ધંધો તા. 01-01-2020થી ખરીદી લેવા તા. 01-04-2020ના રોજ ઝાલા લિમિટેડની સ્થાપના કરવામાં આવી. તા. 31-12-2020ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી પરથી સ્થાપના પહેલાંના તથા સ્થાપના પછીના નફાની ગણતરી કરો. 10

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ભાડું અને કરવેરા | 40,000 | ડિરેક્ટરની ફી | 7,000 |
| કર્મચારીનો પગાર | 68,000 | વેચાણ કમિશન | 16,000 |
| ડિબેંચરનું વ્યાજ | 20,000 | ઘાલખાધ | 2,000 |
| સામાન્ય ખર્ચ | 12,000 | શેર ફેરબદલી ફી | 700 |
| પ્રાથમિક ખર્ચ | 4,000 | ઘસારો | 1,200 |
| ઑડિટ ફી | 1,600 | જાહેરાત ખર્ચ | 3,200 |

**વધારાની માહિતી:**

(1) તા. 31-12--2020ના રોજ પૂરા થતાં વર્ષનું કુલ વેચાણ રૂ. 10,00,000 છે, જે પૈકી તા. 01-01-2020 થી 31-03-2020 સુધીનું વેચાણ 2,00,000 છે.

(2) તા. 31-12-2020ના રોજ પૂરા થતા વર્ષનો કાચો નફો રૂ. 4,00,000 છે.

**(b)** નીચેની માહિતી પરથી  સમય પ્રમાણ અને વેચાણ પ્રમાણ શોધો. 04

ધંધાની ખરીદી - 01-01-2021, સ્થાપના - 01-05-2021, હિસાબો - 31-12-'21

- પ્રથમ ત્રણ માસનું કુલ વેચાણ, બાકીના માસના કુલ વેચાણના 15% હતું.
- એપ્રિલ માસથી ડિસેમ્બર માસનું વેચાણ એકસરખું છે. નવેમ્બર માસમાં હડતાળ હતી તેથી તે માસમાં કોઈ વેચાણ થયું નથી.